# <u>સાહેબ મારા કરું વિનંતિ</u>

સાહેબ મારા કરું વિનંતિ, રાજી રહેજો રાજ,
મનમંદિરીયે તમે બિરાજો, મનભાવન મહારાજ....
વંદુ શ્રી મહારાજ....

કેવળ કરુણા કરજો અમ પર, અવગુણિયા વીસરાવી,
જાણી ગયાં અમે સાહેબજી, તમે પ્રગટ્યા છો અમ કાજ....
વંદુ શ્રી મહારાજ....

નિર્માની ને નિર્લોભી વળી, નિષ્કામી છો નાથ,
પણ કર જોડીને કહું છું, નિઃસ્નેહી ન થાજો આજ....
વંદુ શ્રી મહારાજ....

અધમ ઓધારણ બિરદ તમારું, જાણી ને સરતાજ,
મુજ સમ પાવન નહિ કોઈ દુજો, ઉદ્ધારો અધિરાજ....
વંદુ શ્રી મહારાજ....